# પ્રસાર ભારતી

## પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ

તારીખ : 28-03-2024 સાંજે : 7.10 થી 7.20

વાર : ગુરુવાર

**આકાશવાણી અમદાવાદ, વડોદરા....પ્રાદેશિક સમાચાર અમિતા વાંઝા વાંચે છે.**

---

- લોકસભાની બીજા તબક્કાની આગામી 26મી એપ્રિલે યોજાનારી 88 બેઠકોની ચૂંટણી માટેનું જાહેરનામું આજે બહાર પડ્યું.
- રાજ્યના મુખ્ય ચુંટણી અધિકારીએ તમામ જીલ્લા ચૂંટણી અધિકારીઓને મતદારોને મતદાન ઓળખપત્ર સમયસર મળી જાય તે માટે જરૂરી સુચનાઓ આપી છે.
- આગામી લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખી રાજકીય પક્ષોએ પોતાના પક્ષનો પ્રચાર કરી મતદારોને રીઝવવાનું શરૂ કર્યું છે.
- સમગ્ર ગુજરાત રાજ્યમાં આગામી શનિવાર અને રવિવારે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા પરીક્ષા યોજાશે.
- રાષ્ટ્રીય પરીક્ષા એજન્સીએ જેઇઇ- મેન્સના બીજા તબક્કાની પરીક્ષા માટે અરજદારોને પરીક્ષા કેન્દ્રો અને શહેર ફાળવણીની એડવાન્સ સ્લીપ જારી કરી.
- ભારતીય બનાવટના તેજસ યુધ્ધ વિમાનના અદ્યતન આવૃત્તિનું બેંગ્લુરુમાં સફળ પરીક્ષણ કરાયું.

---

(ન્યૂઝ બ્રેક – આ પ્રાદેશિક સમાચાર આપ આકાશવાણી અમદાવાદ – વડોદરા પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી – અમદાવાદ – વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

## REV.-2ND-PHASE-NOTIFICATION

લોકસભાની બીજા તબક્કાની આગામી 26મી એપ્રિલે યોજાનારી 88 બેઠકો માટેનું જાહેરનામું આજે બહાર પડ્યું છે. બીજા તબક્કાની ચૂંટણીમાં 12 રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશની લોકસભાની 88 બેઠકો માટે મતદાન થશે જેમાં કેરળની 20,

કર્ણાટકની 14, રાજસ્થાનની 13, ઉત્તરપ્રદેશ અને મહારાષ્ટ્રની 8-8, મધ્યપ્રદેશની 7, બિહાર અને આસામની 5, બંગાળ અને છત્તીસગઢની 3-3 જ્યારે મણિપુર, ત્રિપુરા તેમજ જમ્મુ અને કાશ્મીરની દરેકની એક-એક બેઠકોની ચૂંટણી યોજાશે.

આ 88 બેઠકો માટે આગામી ચોથી એપ્રિલ સુધી ઉમેદવારી પત્રો ભરી શકાશે. પાંચમીએ તેમની ચકાસણી થશે. જો કે, જમ્મુ- કાશ્મીરમાં ઉમેદવારી પત્રોની ચકાસણી આગામી છઠ્ઠી એપ્રિલે થશે.

દરમિયાન, લોકસભાની પહેલા તબક્કાની આગામી 19મી એપ્રિલે યોજાનારી 102 બેઠકો માટે ભરાયેલા ઉમેદવારી પત્રો પાછા ખેંચવાની છેલ્લી તારીખ 30મી માર્ચ છે. લોકસભાની 102 બેઠકો માટે 30મી માર્ચે ઉમેદવારી પત્રો પાછા ખેંચાયા બાદ આ બેઠકો પર કેટલા ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે તે ચિત્ર સ્પષ્ટ થશે. 19મી એપ્રિલે મતદાન થયા બાદ આગામી ચોથી જૂને મતગણતરી હાથ ધરાશે.

## ELECTION COMMISSION

રાજ્યના મુખ્ય ચુંટણી અધિકારી દ્વારા ગુજરાતમાં લોકસભાની ચૂંટણી તેમજ વિધાનસભાની બેઠકોની પેટા ચૂંટણી માટે મતદારોને ફોટો વાળા મતદાન ઓળખપત્ર સમયસર મળી જાય તે માટે જરૂરી સુચનાઓ અપાઇ છે.

એવી જ રીતે ચૂંટણી માટેની આદર્શ આચારસંહિતાના ભંગ તેમજ ચૂંટણી ખર્ચ પર દેખરેખ માટે નિયંત્રણકક્ષ શરૂ કરી દેવાયા છે. તેમજ કોઈપણ મતદારને મત આપવા માટે સમસ્યા ન સર્જાય તે માટે તમામ જિલ્લા ચૂંટણી અધિકારીઓને નિર્દેશો આપી દેવામાં આવ્યા છે. સાથે જ ફ્લાઈંગ સ્કોડ દ્વારા રાજ્યમાંથી રોકડ,સોનું, ચાંદી દારૂ અને ચરસ સહિત 42 કરોડ રૂપિયાથી વધુની ચીજવસ્તુઓ ઝડપી લેવામાં આવી છે. તેમજ સરકારી અને ખાનગી મિલકતો ઉપરથી પ્રચાર સાહિત્ય દૂર કરવામાં આવ્યું છે.

## DISABLED VOTERS

ચૂંટણી પંચ દ્વારા દેશમાં મતદાન જાગૃતિ અંગે સઘન પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.

દેશનું ચૂંટણી પંચ પણ ડિજિટલ ટેકનોલોજી આધારિત વિવિધ પ્લેટફોર્મનો ઉપયોગ કરીને મતદારોને સુવિધાઓ આપવા તેમજ મતદારોની સમસ્યાઓનું સમાધાન કરીને મતદાન અંગે જાગૃતિ ફેલાવવા અંગે સતત પ્રયાસરત છે. વોટર હેલ્પલાઇન એપ, CVigil એપ જેવી દિવ્યાંગજનો માટે સક્ષમ એપ ખાસ ડિઝાઈન કરવામાં આવી છે.

## EVM - RAJKOT

ગુજરાત રાજ્યમાં આ વર્ષે 4 કરોડથી વધુ મતદારો લોકસભાની ચુટણીમાં પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે.જેમાં ૧૧ લાખથી વધુ નવા મતદારો પ્રથમ વખત ઈ.વી.એમ.નો અનુભવ મેળવશે અને ગુજરાતમાં ૨૯ હજારથી વધુ પોલિંગ સ્ટેશનમાં ૮૭ હજારથી વધુ બેલેટ યુનિટ અને ૭૧ હજારથી વધુ કંટ્રોલ યુનિટથી મતદાન કરવામાં આવશે. રાજકોટમાં બેલેટ યુનિટની સંખ્યા ૩ હજાર ૬૦૨, કંટ્રોલ યુનિટ ૨ હજાર ૯૭૬ અને વી.વી.પેટની સંખ્યા ૩ હજાર ૪૮૯ છે. તો વિધાનસભા દીઠ 10 બેલેટ યુનિટ, કંટ્રોલ યુનિટ અને વી.વી.પેટ તાલીમ અને નિદર્શન માટે ફાળવવામાં આવ્યા છે.

ઉલ્લેખનીય છે કે, ભારત ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડ અને ઈલેક્ટ્રોનિક્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ EVM મશીન બનાવવાનું છે. આ ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનનો સૌપ્રથમ ઉપયોગ 1982 ના વર્ષમાં કેરળ વિધાનસભા ચૂંટણી માટે કરાયો હતો.

## MATDAN JAGRUTI-1

આગામી લોકસભાની ચૂંટણીમાં મતદાર વધુમાં વધુ મતદાન કરે તેમજ પોતાના મતાધિકારનું મહત્વ સમજે તે માટે જીલ્લા ચૂંટણીતંત્ર દ્વારા મતદાર જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવી રહ્યા છે.

અમદાવાદમાં નિરમા યુનિવર્સિટી ખાતે મતદાન જાગૃતિ અંતર્ગત વિવિધ કાર્યક્રમ યોજાયા. જીલ્લા ચૂંટણીતંત્ર અને એનએસએસ યુનિટના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા કાર્યક્રમમાં યુવા મતદારોએ અચૂક મતદાનના શપથ લીધા હતા. જીલ્લા ચૂંટણીતંત્રના સહયોગથી યુવા મતદારો માટે નવા મતદાન કાર્ડ બનાવવા માટે કેમ્પનું આયોજન તેમજ યુવાઓ દ્વારા સિગ્નેચર કેમ્પેઇન પણ યોજાયુ હતું.

સાબરકાંઠા જીલ્લામાં હીંમતનગર પોસ્ટ ઓફિસ ખાતે મતદાનની મહત્વતા સમજાવવામાં આવી હતી. અમારા સાબરકાંઠાના પ્રતિનિધિ યોગેશ સથવારાના જણાવ્યા અનુસાર આ તકે "હું અવશ્ય મતદાન કરીશ" તેના શપથ લેવડાવ્યા હતા.

તાપી જીલ્લાના અમારા પ્રતિનિધિ નીરવ કંસારા જણાવે છે કે,  તાપી જિલ્લામાં આવેલ આદર્શ નિવાસી આશ્રમ શાળા ટીચકપુરા,વાલોડ અને ડોલવણના વિદ્યાર્થીઓએ સ્વીપ એકટીવીટી અંતર્ગત માનવ આકૃતિ દ્વારા "ઇલેકશન-૨૦૨૪" અને "વોટ ફોર ઇન્ડિયા"ની કલાકૃતિ બનાવી મતદાન અંગે સંદેશો આપ્યો. મહેસાણા જિલ્લાના અમારા પ્રતિનીધી જયંતિ ચૌધરી જણાવે છે કે, ખેરાલુ તાલુકાની જતન નર્સિંગ કોલેજ ખાતે યુવા મતદારો દ્વારા અમે સહપરિવાર  મતદાન કરશું તેવા સંકલ્પ લેવામાં આવ્યા હતા. અને કડી તાલુકાના જોરણંગ ગામે મતદાર જાગૃતિ રાત્રિ સભા યોજાઇ હતી.

સુરત શહેરના વેસુ વિસ્તાર ખાતે મતદાન જાગૃતિ માટે ભગવાન મહાવીર યુનિવર્સિટીથી શ્રીશ્યામ મંદિર સુધી અંદાજે 500 વિદ્યાર્થીઓ દ્વારા મોટરસાયકલ રેલી યોજાઇ ગઇ.

વડોદરાની અંકોડિયા ગામની મહિલા મતદારો સાથે મતદાન જાગૃતિ અંગે સંવાદ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મહિલાઓને પોતાના મતાધિકારનો મહત્તમ ઉપયોગ કરવા અનુરોધ કર્યો હતો.

પોરબંદરના પ્રતિનિધિ મહેશ લુક્કા જણાવે છે કે , જિલ્લાના કોટડા ગામે 3000 જેટલા ગ્રામજનોએ હું અવશ્ય મતદાન કરીશ તેના શપથ લીધા હતા.

## ELECTION CAMPAIGN

આગામી લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખી રાજકીય પક્ષો પોતાના પક્ષનો પ્રચાર કરી મતદારોને રીઝવવાનું શરૂ કર્યું છે.

ગાંધીનગર લોકસભા ક્ષેત્રના ઉમેદવાર અને કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહને જંગી મતોથી વિજય બનાવવા ગાંધીનગર ઉતર વિધાનસભા ભાજપા દ્વારા ઘર ઘર સંપર્ક અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. ભાજપના ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ, કાર્યકર્તાઓ દ્વારા નાગરિકોનો સંપર્ક કરાઇ રહ્યો છે.

સાબરકાંઠામાં હિંમતનગર ખાતે કોંગ્રેસનો સંવાદ કાર્યક્રમ યોજાઇ ગયો. આ કાર્યક્રમમાં કોંગ્રેસના પૂર્વ પ્રદેશ પ્રમુખ જગદીશ ઠાકોર, સાબરકાંઠા બેઠકના કોંગ્રેસ ઉમેદવાર તુષાર ચૌધરી હાજર રહ્યા હતા.

વલસાડ ડાંગ લોકસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર અનંત પટેલે વઘઇ ખાતે પોતાના પક્ષનો પ્રચાર કરી રહ્યા છે. વઘઇ ખાતે રાત્રીસભા યોજાઇ હતી.

લોકસભા ચૂંટણીને ધ્યાને લઇ દીવ ખાતે પ્રદેશ પ્રભારી પૂર્ણેશ મોદીએ દીવ, ઘોઘલા મંડળો સાથે બેઠક યોજી હતી. તેમજ પક્ષના પ્રચાર માટે સૂચનો કર્યા હતા.

## 28.03.2024 AHMEDABAD RIDDHI SHUKLA BYTE

## FOR 7.10 PM

ચૂંટણી પહેલા ઇવીએમની સુરક્ષાના ભાગરૂપે ગઈકાલે મોટેરા ઇવીએમ વેરહાઉસની પ્રાથમિક તપાસ કરવામાં આવી છે તેમ અમદાવાદના ડેપ્યુટી કલેક્ટર રિધ્ધિ શુક્લાએ જણાવ્યું છે. વધુ વિગત આપતા ડેપ્યુટી કલેક્ટરે આ મુજબ જણાવ્યું હતું,

(રિધ્ધિ શુક્લા, ડે. કલેક્ટર (અમદાવાદ)

## KUTCH DISTRICT ELECTION SYSTEM

આગામી લોકસભા ચૂંટણી માટે રાજ્ય ચૂંટણીપંચના દિશાનિર્દેશ અનુસાર કચ્છ જિલ્લા ચૂંટણી તંત્ર સુસજ્જ છે.

મતદારો અને જાગૃત નાગરિકોને વિવિધ એપ્લિકેશન અને વેબ પોર્ટલના માધ્યમથી અલગ અલગ પ્રકારની સુવિધા આપવામાં આવી રહી છે.

ચૂંટણીની જાહેરાત કરી ત્યારથી જ જિલ્લા કંટ્રોલરૂમ શરૂ કરાયો છે. ચૂંટણીપંચની સી-વિજિલ એપ દ્વારા કચ્છ જિલ્લામાં અત્યારસુધીમાં ૨૩ ફરિયાદો આવી છે, જેનું તત્કાલ નિવારણ કરી દેવામાં આવ્યું છે. જયારે ૧૯૫૦ હેલ્પલાઇન પર ૭૮ ફરીયાદો આવી છે જે તમામનો પણ નિકાલ કરાયો છે. આમ અત્યારસુધી કચ્છ જિલ્લામાં વિવિધ માધ્યમો થકી કુલ ૨૪૯ ફરીયાદો આવી હતી. જેમાંથી ૨૪૮નો નિકાલ કરી દેવાયો છે.

## PORBANDAR ELECTION

પોરબંદર જીલ્લા ચૂંટણીતંત્ર પોરબંદર લોકસભા બેઠક અને વિધાનસભાની પેટાચૂંટણીને લઇ તમામ તૈયારી કરી રહ્યું છે.

પોરબંદર વિધાનસભાની પેટાચૂંટણી પણ લોકસભાની ચૂંટણી સાથે યોજાશે. પોરબંદર વિધાનસભા વિસ્તારમાં એક પૂરક મતદાન મથકનો વધારો થશે. અગાઉ પોરબંદર વિધાનસભા વિસ્તારમાં 247 મતદાન મથકો હતા. આ વખતે ખાપટના મતદાન મથક વિસ્તારમાં એક વધારાનું પૂરક મતદાન મથક કાર્યરત થતાં કુલ 248 મતદાન મથકો થશે.

દરમ્યાન, આજે રાણાવાવ હાઇવે પર એન્જિનિયરીંગ કોલેજ ખાતે પોરબંદર વિધાનસભા મતવિસ્તારના ચૂંટણીની કામગીરી સાથે સંકળાયેલા કર્મચારીઓનો તાલીમ કાર્યક્રમ યોજાઇ ગયો.

## VADODARA - DIVYANG

વડોદરા જિલ્લા ચૂંટણી તંત્ર વડોદરા લોકસભા બેઠકની ચુંટણી અને વાઘોડિયા વિધાનસભા બેઠકની પેટા ચૂંટણી માટે સજ્જ બની રહ્યું છે .

આ વખતે વડોદરા શહેર જિલ્લાની ૧૦ વિધાનસભા બેઠકોની ચૂંટણીમાં ૧૦ દિવ્યાંગ મતદાન મથકોનું સંપૂર્ણ સંચાલન દિવ્યાંગકર્મી કરશે.

દિવ્યાંગજનો ચૂંટણી પ્રક્રિયામાં કોઈપણ પ્રકારની અગવડ વગર ભાગ લઈ શકે તે માટે **ચૂંટણી પંચની** સક્ષમ એપ્લિકેશન એક મૂલ્યવાન સાધન બની રહ્યું છે.

## BABA SAHEB AMBEDKAR

ભારતીય વિચાર મંચ, ગાંધીનગર દ્વારા "બહુમુખી વ્યક્તિત્વ ડૉ. બાબા સાહેબ આંબેડકરનું રાષ્ટ્રચિંતન" વિષય પર વિચાર ગોષ્ઠિ ગાંધીનગરમાં યોજાઇ ગઇ. અમદાવાદની પત્રકારત્વ સંસ્થાના નિયામક શિરીષ કાશીકરે જણાવ્યું હતું કે મોટા ભાગના લોકો ડૉ. બાબાસાહેબને માત્ર બંધારણના ઘડવૈયા, દલિત નેતા, રાજકીય વ્યક્તિ કે બેરિસ્ટર તરીકે જ ઓળખે છે પરંતુ તેઓ તેનાથી વિશેષ ચિંતક, પત્રકાર, તત્વચિંતક, અર્થશાસ્ત્રી, સમાજ સુધારક, વક્તા, માનવ અધિકારોના રક્ષક ઉપરાંત બહુમુખી વ્યક્તિત્વ ધરાવનાર રાષ્ટ્ર પુરુષ હતા.

શ્રી કાશીકરે જણાવ્યું હતું કે, ડૉ.બાબાસાહેબ એ સમયે શાળાકીય શિક્ષણ, સ્ત્રીઓનું સક્ષમીકરણ તેમજ લોકતંત્ર ઉપર ખૂબ ભાર મૂક્યો હતો.

તેમણે સૌને ડૉ. બાબાસાહેબનું જીવનચરિત્ર વાંચવા ખાસ અનુરોધ કર્યો હતો. ત્યારબાદ શ્રોતાઓ દ્વારા પ્રશ્ન પૂછવામાં આવ્યા હતા જેના પ્રો. કાશીકરે જવાબ આપ્યા હતા.

## GUJARAT GAUN SEVA

રાજ્યમાં આગામી શનિવાર અને રવિવારે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા પરીક્ષા યોજાશે. જેમાં સવારે 9 થી 12 અને બપોરે 2 થી 5 દરમિયાન પ્લાનિંગ આસિસ્ટન્ટ, ગ્રાફિક ડિઝાઇનર અને સર્વેયર સંવર્ગની સ્પર્ધાત્મક પરીક્ષા લેવાશે. પરીક્ષા દરમિયાન કોઈ ગેરરીતિ ન થાય અને પરિક્ષાર્થીઓ નિર્ભયતાથી પરીક્ષા આપી શકે તે માટે કેટલાક પ્રતિબંધ લગાવવામાં આવ્યા છે . જેમાં પરીક્ષા

કેન્દ્રની અંદર મોબાઈલ ફોન , ઇલેક્ટ્રીક ઉપકરણો ન લઈ જવા, 100 મીટરના અંતરમાં  ઝેરોક્ષ મશીન ચાલુ ના રાખવું તેમજ લાઉડ સ્પીકર ન વગાડવા જેવા આદેશ જાહેર કરાયા છે.

## REV.-NTA-JEE-MAINS

રાષ્ટ્રીય પરીક્ષા એજન્સીએ આગામી ચોથી એપ્રિલથી યોજાનારી જેઇઇ-મેન્સના બીજા તબક્કાની પરીક્ષા આપનાર અરજદારોને પરીક્ષા કેન્દ્રો અને શહેર ફાળવણીની એડવાન્સ સ્લીપ જારી કરી છે.

ઉલ્લેખનીય છે કે, દેશના 319 શહેરો અને વિદેશના 22 શહેરોના પરીક્ષા કેન્દ્રો એ આગામી ચોથીથી 12મી એપ્રિલ દરમિયાન  જેઇઇ- મેન્સના બીજા તબક્કાની પરીક્ષા યોજાવાની છે. આ પરીક્ષા દરરોજ બે શિફ્ટમાં યોજાશે. પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓ એનટીએની વેબસાઇટ ઉપર પોતાની અરજીની સંખ્યા અને જન્મ તારીખ દાખલ કરીને પરીક્ષા કેન્દ્ર અને સંબંધિત શહેરની માહિતી મેળવી શકે છે. રાષ્ટ્રીય પરીક્ષા એજન્સીએ ભારપૂર્વક જણાવ્યું છે કે, શહેરની માહિતી આપતી સ્લીપનો ઉપયોગ વિદ્યાર્થીઓ પરીક્ષાખંડમાં પ્રવેશ માટે કરી શકશે નહીં.

## TEJAS-MK1A

સ્વદેશી ટેક્નોલોજી વડે વિકસિત કરાયેલા ભારતના તેજસ યુધ્ધ વિમાનના અદ્યતન એમકે-વન-એ આવૃત્તિનું બેંગ્લુરુમાં હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ ખાતે સફળ પરીક્ષણ કરાયું છે. આ અદ્યતન તેજસમાં આધુનિક ટેક્નોલોજીવાળા રડાર, સંદેશાવ્યવહારના અદ્યતન ઉપકરણો ગોઠવવામાં આવ્યા છે તેમજ તેની પ્રહાર સક્ષમતામાં વધારો કરવામાં આવ્યો છે. અદ્યતન તેજસ વિમાનમાં આકાશમાં ઉડ્ડયન કરતી વખતે ઇંધણ ભરવાની સુવિધા અને દ્રશ્ય ક્ષમતામાં ન આવતી મિસાઇલો સુધીની પહોંચની ક્ષમતા છે.